**રાણીપના નવો રૂટ શિરદર્દ સમાન મુસાફરો આગ બબુલા**

ગાંધીનગર સમાચાર

# સે. ૨૭-૨૮ના ૩૩ ઘરમાંથી એડીસ મચ્છરોના પોરા મળ્યા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગરપાલિકાની મેલેરિયા શાખાએ આજે સે. ૨૭ અને ૨૮માંથી ૩૩ જેટલા ઘરોમાંથી ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના પોરા પકડી અને તેનો નાશ કર્યો હતો.

ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોમાંથી ટીમે અત્યાર સુધીમાં ૧૨૦થી વધુ સ્થાનોએથી ડેન્ગ્યુ ફેલાવતા મચ્છરોના પોરા પકડી પોરાનાશક કામગીરી કરી છે.

ગાંધીનગર શહેર ડેન્ગ્યુ માટે વધુ સંવેદનશીલ માનવામાં આવી રહ્યું છે. ગત સિઝનમાં પણ ૧૦૦થી વધુ સ્થાનોએથી એડીસ મચ્છરોના પોરાનો નાશ કર્યો હતો. જો કે શહેરમાં ગત વર્ષે ૧૦૦થી વધુ કેસ ડેન્ગ્યુના નોંધાયા હતા.

મેલેરીયા શાખાની ટીમ આજે ૧૯૦૦ જેટલા મકાનોની ચકાસણી આ બે સેક્ટરોમાં કરી હતી. આ બે સેક્ટરોમાં ગયા વર્ષે પણ ડેન્ગ્યુના કેસ નોંધાયા હતા. ટીમે હવે સેક્ટરોમાં સર્વેલન્સ સઘન બનાવ્યુ છે. જે રીતે શહેરમાંથી અત્યારે ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના પોરા મળી રહ્યા છે તેને લઈ તંત્ર વધુ ચિંતીત બન્યુ છે.

દરમ્યાન રાજ્યના આરોગ્ય વિભાગે આજે રાજ્યભરના મેલેરીયા અધિકારીઓ સાથે એક સમીક્ષા બેઠક પણ યોજી છે. આજથી મેલેરીયા વિરોધી માસની ઉજવણીનો આરંભ થયો છે. આ સમીક્ષા બેઠકમાં મહત્વની ચર્ચાઓ થશે તેમજ ગત વર્ષે જે વિસ્તારોમાં ડેન્ગ્યુના કેસો વધુ નોંધાયા હતા ત્યાં સઘન એન્ટી લારવેલ અને પોરાનાશક કામગીરી કરવાની કડક તાકીદ કરાશે તેમ મનાઈ રહ્યું છે.

# ઘ-૪ સર્કલ આસપાસના આઈલેનનાં બ્યુટીફીકેશનની કામગીરી આરંભાઈ

## ઉજ્જડ ટ્રાફિક આઈલેનમાં હરિયાળી લોન વચાળે રંગબેરંગી ફુલો નિખરશે



ગાંધીનગર તા ૧

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ઘ-૪ સર્કલ નજીક આસપાસના આઈલેનને હરિયાળી લોન તેમજ પ્લાન્ટેશનથી સજાવાશે. ગત વાઈબ્રન્ટ સમિટ વેળાએ આ ઠેકાણે રંગબેરંગી ફુલોના કુંડા મુકવામાં આવ્યા હતા. જયારે આ કુંડાઓની ચોરી થઈ હોવાનુ પણ પ્રકાશમાં આવ્યુ હતુ. હવે બાગાયત તંત્ર દ્વારા આઈલેનનુ બ્યુટીફિકેશન કરવામાં આવશે. આગામી વાઈબ્રન્ટ પુર્વે આ વિસ્તારને ચકાચક બનાવી દેવાશે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કની યોજના સાકાર થયા બાદ આ વિસ્તારનો નઝારો બદલાઈ ગયો છે. સ્વર્ણિમ પાર્ક અસ્તિત્વમાં આવ્યા બાદ ટ્રાફિકનો વ્યવહાર પણ પ્રભાવિત થયો છે. જયારે

● અનુસંધાન પાન-૭ પર

# મેયર પ્રવિણ પટેલ સામે પક્ષાંતર ધારા ભંગ હેઠળ કાર્યવાહી કરવા અરજી દાખલ

## નામનિર્દિષ્ટ અધિકારીની કોર્ટમાં રજુ થયેલી અરજી સુનાવણી માટેની તારીખ હવે પછી નિયત થશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર શ્રી પ્રવિણ પટેલ સામે પક્ષાંતરધારા ભંગની ફરિયાદ દાખલ કરી અને તેમને ગેરલાયક ઠેરવવા માટેની અરજી નામનિર્દિષ્ટ અધિકારી સમક્ષ કરી દેવાઈ છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસને ૧૬-૧૬ બેઠકો મળતાં શ્રી પ્રવિણ પટેલ ભાજપમાં જોડાઈ જતાં તેમને મેયર પણ બનાવાયા છે. શ્રી પ્રવિણ પટેલ સામે પક્ષાંતર ધારા ભંગ હેઠળ કાર્યવાહી કરવા માટેની અરજી કોંગ્રેસ પક્ષના કાઉન્સીલર શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા દ્વારા કરાઈ છે.

તેમણે તેમની અરજીમાં પક્ષાંતરધારા ભંગની કલમ-૩ અન્વયે આ પગલાં લેવા માંગ કરતાં જણાવ્યું છે કે કોંગ્રેસ પક્ષના નિશાન પર ચૂંટાયેલા શ્રી પ્રવિણ પટેલે પક્ષના મેન્ડેટનો ભંગ કર્યો છે અને તેમનું વર્તન પણ પક્ષના આદેશનો અનાદર કરવાનું રહ્યું છે. જેથી પેટાકલમ (૬) હેઠળ તેઓને ગેરલાયક ઠેરવવા જોઈએ.

મેયરશ્રી પ્રવિણ પટેલ સામે પક્ષાંતર ધારા ભંગની અરજી દાખલ કરાઈ છે. હવે પછી તેની સુનાવણીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર મહાનગર પાલિકાની રચના પછી મેયર સામે પક્ષાંતર ધારા ભંગની બીજી ફરિયાદ દાખલ થઈ છે. અગાઉ પૂર્વ મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા અને તેમના બે સાથીઓ સામે આવી અરજી દાખલ કરાઈ હતી પણ તે ટકી શકી ન હતી.

શ્રી પ્રવિણ પટેલ એ બીજા મેયર છે જેમની સામે પક્ષાંતર ભંગ હેઠળ કાર્યવાહી કરવા માટેની અરજી કરવામાં આવી છે.

કોંગ્રેસ પક્ષે આ અરજી કરતાં પહેલાં તેમને નોટીસ પણ આપી હતી અને તેનો સમયગાળો પૂર્ણ થઈ ગયો છે. કોંગ્રેસ પક્ષે આ અરજી સાથે કેટલાક પુરાવાઓ પણ જોડ્યા છે.

# નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે અજય પટેલની નિમણુંક

ગાંધીનગર, તા. ૧

દોઢ વર્ષથી પણ વધુ સમયગાળા બાદ ગાંધીનગર જિલ્લા પંચાયતમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી (પંચાયત)ની ખાલી જગ્યા ભરવાના હૂકમો રાજ્ય સરકારે કર્યા છે.

ગાંધીનગર જિલ્લાના વિસ્તરણ પછી પણ આ જગ્યા ઘણા સમય સુધી ખાલી રહી હતી જો કે વચ્ચે થોડા સમય માટે આ જગ્યા ભરવામાં આવી હતી.

રાજ્યના પંચાયત વિભાગે ગઈકાલે મોડી રાત્રે ૧૮ તાલુકા વિકાસ અધિકારીઓને નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે બઢતી આપતાં જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી (પંચાયત)ની જગ્યા પુરાઈ છે.

પંચાયત વિભાગે પ્રાંતિજ ખાતે તાલુકા વિકાસ અધિકારી તરીકે ફરજો બજાવતા શ્રી અજય પટેલની નિમણુંક ગાંધીનગર જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે કરી છે.

શ્રી પટેલ એકાદ દિવસમાં તેમના નવા હોદ્દાનો કાર્યભાર સંભાળશે તેમ મનાઈ રહ્યુ છે.

દરમ્યાન પંચાયત વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ તાલુકા વિકાસ અધિકારીઓની પણ ખાલી પડેલી જગ્યાઓ હવે પછી થનારા હૂકમમાં ભરી દેવામાં આવશે. આ માટેનો તખ્તો તૈયાર થઈ ચુક્યો છે.

# રાણીપના નવો રૂટ શિરદર્દ સમાન મુસાફરો આગ બબુલા

## આંદોલનની રાહે લડત આપશે : એસ ટી તંત્ર દ્વારા મુસાફરો માટે દુવિધા ઉભી કરવામાં આવી રાણીપ રૂટ બંધ કરવા માટે અનેક રજુઆત પણ એસ ટી તંત્ર બેફિકર

ગાંધીનગર તા ૧

ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી બસો રાણીપના નવા બસ સ્ટેન્ડ પર સ્ટોપ કરે છે. આ નવી વ્યવસ્થાના લીધે રોજ હજારો મુસાફરોએ હાલાકીનો ભોગ બનવુ પડે છે. રાણીપના રૂટમાં બસ સેવાનો રૂટ ગોઠવી દેવાતા આમનાગરિકો અને નિયમિત અપડાઉન કરતા મુસાફરો એસ ટી સેવાથી જાણે ગળે આવી ગયા હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. નવા રૂટના આરંભતી જાણે આમ નાગરિકો પાસેથી એસ ટી સેવા છીનવી લેવાનો પ્રયાસ થયો હોય તેવી દયાજનક સ્થિતિનુ નિર્માણ થયુ હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

શહેર વસાહત મહામંડળના

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ચોમાસા પુર્વે ૮૦૦ સુકા વૃક્ષો દુર કરાયા

## વરસાદી દિવસો પુર્વે વનતંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરાઈ

ગાંધીનગર તા ૧

ચોમાસાના દિવસો નજીકમાં છે. ત્યારે શહેરમાં જોખમી વૃક્ષો દુર કરવા માટે વન તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. શહેરમાં ૧ હજાર જેટલા સુકા વૃક્ષો છે. આ પૈકી તંત્ર દ્વારા ૮૦૦ સુકા વૃક્ષો કાપી નાંખવામાં આવ્યા છે. જયારે ચોમાસા પુર્વે અન્ય ૫૦ જેટલા નમી પડેવા જોખમી વૃક્ષો પણ દુર કરવામાં આવશે.

ગ્રીનસીટી તરીકેની આગવી ઓળખ ધરાવતા ગાંધીનગરમાં વૃક્ષોનો સોથ વળી રહયો છે. વિવિધ વિકાસ કામોની સાથે મોટી સંખ્યામાં વૃક્ષોની કટોતી થતા પ્રકૃતિ પ્રમીઓમાં નારાજગી વ્યાપી છે. જયારે ચોમાસા દરમિયાન પણ ઘણીવાર મોટી સંખ્યામાં વૃક્ષો જમીનદોસ્ત થતા હોવાનુ ધ્યાને આવે છે.

ગત જુલાઈ મહીના દરમિયાન તોફાની વરસાદમાં શહેરમાં સંખ્યાબંધ જોખમી વૃક્ષો ધરાશાયી થયા હતા. શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોની શેરીઓ આસપાસ વૃક્ષોની વનરાજી જોવા મળે છે. ત્યારે વરસાદી દિવસોમાં વૃક્ષો જાખમી સાબીત થાય તેવી પણ દહેશત પ્રર્વતી છે. વન તંત્ર દ્વારા શહેરમાં સર્વે હાથ ધરી સુકાયેલા વૃક્ષો દુર કરવાનુ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. શહેરમાં ૧ હજાર જેટલા સુકા વૃક્ષો હતા આ પૈકી વનતંત્ર દ્વારા ૮૦૦ જેટલા સુકા વૃક્ષો દુર કરાયા છે. આગામી ચોમાસા પુર્વે બાકી રહેતા ૨૦૦ સુકા વૃક્ષો પણ દુર કરી દેવાશે. આ ઉપરાંત શહેરમાં નમી પડેલા ભયજનક વૃક્ષોની સંખ્યા પણ ૫૦ છે. આ ભયજનક વૃક્ષો પણ કાપી નાંખવામાં આવશે.

# મહાનગરપાલિકા દ્વારા પ્રતિમાઓ સ્વચ્છ કરાઈ










ગાંધીનગર, તા. ૧

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અંતર્ગત મહાનગરપાલિકા દ્વારા ત્રણ સ્થળોએ જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહાનુભાવો, મ્યુ. કાઉન્સિલરો અને વસાહતીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. ગ-૨ ખાતે સ્વામી વિવેકાનંદની પ્રતિમાની સાફ સફાઈ કરી સુતરની આંટી પહેરાવવામાં આવી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વસાહતીઓ, કાઉન્સિલરશ્રીઓ નરેશકુમાર પરમાર, પ્રવિણાબેન વોરા, હિરલબેન ઉર્પલકુમાર જોષીએ ભાગ લીધો. ત્યારબાદ ખ-૬ ખાતે મહાત્મા બુદ્ધની પ્રતિમાની સાફ સફાઈ કરી સુતરની આંટી પહેરાવવામાં આવી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વસાહતીઓ, કાઉન્સિલરો ધીરૂભાઈ ડોડીયા, પ્રવિણાબેન દરજી, હર્ષાબેન ધાંધલ, અંકીતભાઈ બારોટે ભાગ લીધો. જ્યારે સવારે ૧૧.૦૦ કલાકે નવા સચિવાલય સંકુલ ખાતે મહાત્મા ગાંધીજીની પ્રતિમાની સાફ સફાઈ, ધારાસભ્ય અશોકભાઈ પટેલના હસ્તે કરવામાં આવી હતી. વિઠ્ઠલભાઈ પટેલ તથા સરદાર સાહેબની પ્રતિમાની સાફ સફાઈ ગુડાના ચેરમેન આશિષકુમાર દવેના હસ્તે કરવામાં આવી અને સુતરની આંટી તેમજ પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. પ્રતિમાઓની સાફ સફાઈ બાદ સ્વચ્છતા અંગે જાગૃતિ રેલીઓનું ત્રણ સ્થળે આયોજન કરવામાં આવ્યું. જેમાં વસાહતીઓ તેમજ કાઉન્સિલરોએ ભાગ લીધો અને સ્વચ્છતા જાળવવાનો સંકલ્પ કર્યો હતો.

## જાહેર નોટીસ અને ચેતવણી

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ તે અમારા અસીલ મધુબેન તે હિરાભાઈ જેણીદાસના દિકરી તે પ્રતાપજી ભલાજીના પત્ની રહે : ગામ-આંબલીયારા, તા. બાયડ, જી. સાબરકાંઠા નાઓની સૂચના અને ફરમાઈશથી આ જાહેર નોટીસ કમ ચેતવણી આપી જાહેર જનતાને જણાવીએ છીએ કે,

મોંજે ચિલોડા(ડ), તા.જી. ગાંધીનગરની સીમના સર્વે/ બ્લોક નં. ૩૦૩ કે જેનું ક્ષેત્રફળ હે.આરે. ૦-૬૬-૮૦ ચો.મી. તથા સર્વે /બ્લોક નં. ૨૮૬ કે જેનું ક્ષેત્રફળ હે.આરે. ૧-૨૯.૪૯ ચો.મી. વાળી ખેતીની જમીનના મુળ માલીક અને કબજેદાર એવા અમારા દાદાશ્રી જેણીદાસના નામે અને ખાતે ચાલતી હતી. ત્યારબાદ તેમના અવસાન બાદ તેઓના સીધી લીટીના વારસદાર તરીકે હિરાભાઈ જેણીદાસ કુલ સ્વતંત્ર માલીક અને પ્રત્યક્ષ કબજેદાર તરીકે નામ ચાલતું આવેલ છે. જે જમીનમાં મામલતદાર અને કૃષીપંચશ્રી ગાંધીનગરનાએ ગણોત કેસ નં. ૧/૨૦૧૪નો ઉપસ્થિત કરી તા. ૩૧/૩/૨૦૧૪ ના રોજના હુકમથી જમીનનાં રેવન્યુ રેકર્ડમાં પડેલ ફેરફાર નોંધ નં. ૧૮૩૦ પહેલાની સ્થિતિએ રેવન્યુ રેકર્ડમાં અસર આપવા માટેનો મુળ સ્થિતિમાં લાવવાનો હુકમ કરેલ છે. જે હુકમને નાયબ કલેક્ટરશ્રી ગાંધીનગરના નં. ગણોત/રીવીઝન/ એસ.આર-૩૫/૨૦૧૪, નં. ગણોત/રીવીઝન/એસઆર. ૫૮/ ૨૦૧૪ નો ઉપસ્થિત કરી તા. ૨૯/૧૨/૨૦૧૪ ના રોજના હુકમથી નીચેની કોર્ટનો એ.એલ.ટી. હુકમ કાયમ રાખતો હુકમ કરેલ છે જે બંને હુકમ જોતાં ખરેખર રેવન્યુ રેકર્ડમાં, રેકર્ડ ઓફ રાઈટસ તથા ગણોત ધારા તથા લેન્ડ રેવન્યુ કોડની જોગવાઈઓ તદન વિરૂદ્ધ જઈ સરકારી ઓથોરીટી સાથે મેળાપીપણામાં રેકર્ડ સાથે ચેંડા કરીને અને ખોટી માહિતી આપી ખોટા માલીકો ઉભા થઈને ભીખાભાઈ કેશવલાલ, મંજુલાબેન કેશવલાલ, તારાબેન કેશવલાલ, કપીલાબેન કેશવલાલ તથા જયંતિભાઈ હરગોવનભાઈ, કુબેરભાઈ શીવાભાઈ, શામળભાઈ શીવાભાઈ, પરસોત્તમભાઈ શીવાભાઈ નાઓએ ગેરકાયદેસરના કૃત્ય કરી હિરાભાઈ જેણીદાસના પેઢીનામા મુજબ સીધી લીટીના વારસદાર તરીકે અમો મધુબેન તે હીરાભાઈ જેણીદાસના દિકરીનો કાયદેસરનો હક્ક ડુબાડવા માટે ગેરકાયેદસરના કૃત્ય કરેલ છે તેવા ખોટા અને નલીટી હુકમ સામે અમોએ ગુજરાત મહેસુલ પંચ અમદાવાદ સમક્ષ ટી.ઈ.એન.બી.એ. ૩૯૦/૨૦૧૫થી રીવીઝન અરજી દાખલ કરેલ છે જે મનાઈ હુકમની માંગણી કરેલ છે. તેમજ રેકર્ડમાં નામ ચઢાવીને હાલમાં વેચાણની નોંધ નં. ૪૪૨૬ મુજબ પટેલ બકાભાઈ સોમાભાઈનું નામ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી તા. ૫/૧૦/૨૦૧૫ ના રોજથી વેચાણ આપેલ છે અને જેઓએ જમીન ઉપર હાલ પ્રમુખ આર્કેડ નામની કોમર્શીયલ સ્કીમનું બોર્ડ ચઢાવેલ છે જે ચીલોડા ચાર રસ્તાથી દહેગામ રોડ ઉપરની જગ્યામાં ગેરકાયદેસરનું બાંધકામ કરી જાહેરાતો આપી છે. બાંધકામ સહિતની મીલકત વેચવા માટે ગેરકાયદેસર અનઅધિકૃત માલીકો સરકારી રેકર્ડ સાથે ચેડા કરી અને ખોટી રજુઆતો કરી માલીક બની બેસી જે જાહેર જનતામાં વેચાણ કરી નાણાંકીય લાભ મેળવવા માટેના પ્રયત્નો કરેલ છે. તેમજ અમારા અસીલની મોંજે-મગોડી, તા. જી. ગાંધીનગરની સીમમાં આવેલ હીરાભાઈ જેણીદાસના સંયુક્ત માલીકીની જમીનમાં પણ અમારો સીધીલીટીના વારસદાર તરીકે કાયદેસરનો હક્ક અને અધિકાર પોષય છે. તેમજ તેવી ગેરકાયેદસરની પ્રવૃત્તિ કરનાર તેમની સામે વેચાણ દસ્તાવેજની નકલ કાઢી દિવાની દાવો દાખલ કરવા અને સરકારી રેકર્ડ સાથે ચેડા કરેલ છે તે તમામ વ્યક્તિઓની સામે ફોજદારી કાયદાની કલમ-૪૨૦, ૪૬૪, ૪૬૫, ૪૬૬, ૪૬૭, ૧૨૦(બી) અને ૧૧૪ મુજબના ગુન્હા હેઠળની ફરીયાદ કરવા માટેની કાર્યવાહી કરેલ છે. જેથી આ જાહેર નોટીસ કમ ચેતવણીની ખાસ નોંધ લઈ કોઈપણ વ્યક્તિઓએ કે જનતાએ પ્રમુખ આર્કેડ નામની આ સ્કીમ ગેરકાયદેસર રીતે બની બેઠેલ માલીકોની આ સ્કીમમાં કોઈપણ બુકીંગ કરવું નહી કે નાણાંકીય વ્યવહાર કરવા નહીં કે કોમર્શીયલ લોન કે બેંકમાંથી અન્ય બોજો અને તબદીલીના વ્યવહાર ઉભા કરવા કરાવવા નહી. નહી તો અમારા અસીલનો સીધી લીટીના વારસદાર તરીકેનો હક્ક પોષાતો હોય તેમના સીવીલ રાઈટ્સ પ્રમાણે પ્રસ્થાપિત કરવામાં આવે ત્યારે તમારા નાણાં ડુબશે જેથી જાહેર જનતાએ આ અનઅધિકૃત વ્યક્તિઓની સાથે કોઈપણ નાણાંકીય વ્યવહાર કરવા કરાવવા કે કોઈપણ જાતનું બુકીંગ કે તબદીલી કે લખાણો ઉભા કરવા કરાવવા નહી તે મુજબની આ જાહેર નોટીસ કમ ચેતવણીથી ખાસ નોંધ લેવી.

**તા. ૧/૬/૨૦૧૬**

**જાહેર નોટીસ અને ચેતવણી આપનારની સહી**
**મધુબેન તે હિરાભાઈ જેણીદાસના દિકરી અને**
**પ્રતાપજી ભલાભાઈના પત્ની**

**અમારી મારફતે**
**કરણસિંહ બી. વાઘેલા**
**કે.બી. વાઘેલા એન્ડ એસોસીએટ્સ**
**૨૦૫, આયના કોમ્પ્લેક્ષ ઝાયડસ કેડીલા ૧૦૦ ફુટ**
**ટી.પી. રોડ સેલ પેટ્રોલ પંપની બાજુમાં થલતેજ અમદાવાદ.**

Shree Akhil Anjana Kelavani Mandal, Gandhinagar Sanchalit
**Shree J.M. Chaudhari English Medium School**
Sector-7, Gandhinagar, Contact : 079-29289513
Email : jmchaudhari.engmed15@gmail.com

**ADMISSIONS OPEN**
Junior KG to Std. 9th

- Digital Classrooms
- Academic Excellence.
- Various Co-curricular activities for overall development of students.
- Festival and Days Celebration.
- Well qualified and talented staff.
- Safe and serene location in the heart of the city.
- Ideal teacher student ratio.
- Affordable fee structure.

Office hours : 9 a.m. to 12.00 noon

**Teachers Required for Secondary Section**
B.Sc. / M.Sc., B.Ed. (Mathematics, Physics)
Preferance will be given to...
(1) Candidates having studied throughout English Medium
(2) Candidates having experience.

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૨૬૦૯૫

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૯૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com